**647510** **BA0GujCC622B** **Seat No :________**

## B.A. Semester - 6 (*CBCS*) Examination
## March/April-2024 (OLD COURSE)
## GUJARATI: P22 GUJARATI VYAKRAN, SARJAN LEKHAN KAUSHAL - 6(CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલ કાવ્યમાંથી કોઈ એક કાવ્યનો આસ્વાદ કરવો. (૧૪)

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘરતણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચન મંદસ્મિતવતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશ:
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

- ઉશનસ

અથવા

હું તો બસ ફરવા આવ્યો છું...
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?
અહીં પથ પર શી મધુર હવા
ને ચહેરા ચમકે નવા નવા !
-રે ચહું ન પાછો ઘેર જવા !
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્નમહીં સરવા આવ્યો છું!
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બેચાર ઘડી
ને ગાઈ શકું બેચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું...
હું તો બસ ફરવા આવ્યો છું...

પ્રશ્ન-૨ સંધિ એટલે શું? તે સમજાવી, સ્વરસંધિ અને વ્યંજન સંધિ વિષે સદૃષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૨ જોડણી ભેદથી થતાં અર્થ ભેદ વિષે વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન-3 મધ્યકાલીન સાહિત્યના સંશોધક અને સંપાદકનાં ગુણો વિષે વિસ્તૃત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 મધ્યકાલીન સાહિત્યનું સંશોધન અને સંપાદક કરતી વખતે પડતી મુશ્કેલીઓ વિષે ચર્ચા કરો.

પ્રશ્ન-૪ 'સાહિત્ય સમાજનો અરીસો છે' – વિધાનને ધ્યાનમાં લઇ સર્જનાત્મક લેખન કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ તમારી કોલેજમાં યોજાયેલ વાર્ષિક ઉત્સવનું પ્રસંગાલેખન કરો.

પ્રશ્ન-૫ નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નનાં માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૪)

૧. સર્જનાત્મક લેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.

૨. વિસર્ગ સંધિ વિષે નોંધ લખો.

3. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કોઈ એક સંપાદકના કાર્યનો પરિચય કરવો.

૪. પ્રસંગ લેખન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

***************************